માન. અધ્યક્ષશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરની અધ્યક્ષતામાં તા. ૧/૨/૨૦૧૧ના રોજ જી.ડબલ્યુ.આઇ.એલ ખાતે રાજયના જુદા જુદા જીલ્લાઓની ધાર્મિક, સામાજીક, શૈક્ષણિક, સરકારી તેમજ આધૌગિક સંસ્થાઓના કનેકશનોની મંજૂરી આપવા માટે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

---

ઔદ્યોગિક, સામાજિક, શૈક્ષણિક ત્થાધાર્મિક સંસ્થાઓની પીવાના પાણીની જરૂરીયાત માટે ક્ષેત્રીય કચેરીની ટેપીંગ દરખાસ્ત બાબતે ટેપીંગ કમિટિ દ્વારા તા: ૧/૨/૨૦૧૧ ના રોજ નીચે દર્શાવેલ મુદ્દાઓ અંગે નિર્ણય લેવામાં આવેલ છે.

(૧) ખાનગી જોડાણ માટેની દરખાસ્તની મંજુરીની પ્રક્રિયા હાથ પહેલા સંબંધિત સંસ્થા પાસેથી અરજીપત્રક સાથે નીચે દર્શાવેલ ધોરણો અનુસાર ચકાસણી ફી (PROCESSING FEE) લેવાનું નક્કી કરેલ છે.

| દૈનિક પાણીની જરૂરીયાતનો જથ્થો | ચકાસણી ફી (PROCESSING FEE) |
|---|---|
| ૫૦૦૦૦ લીટર સુધી | રૂ. ૨૫૦૦.૦૦ |
| ૫૦૦૦૧ લીટર થી ૭૫૦૦૦ લીટર સુધી | રૂ. ૫૦૦૦.૦૦ |
| ૭૫૦૦૧ લીટર થી ૧૦૦૦૦૦ લીટર સુધી | રૂ. ૭૫૦૦.૦૦ |
| ૧૦૦૦૦૦ લીટર થી વધુ | રૂ. ૧૦૦૦૦.૦૦ |

ઉક્ત ફી માં પાણી પુરવઠા બોર્ડની કમિટિ દ્વારા વખતોવખત નિયમોનુસાર વધારો/ઘટાડો કે ફેરફાર કરી શકશે.

(૨) સમિતિ દ્વારા પાણીના જોડાણ માટેની નવી દરખાસ્તોને નીચે મુજબ મંજુરી આપવાની સત્તા સોંપવા ઠરાવ્યું.

| | |
|---|---|
| (અ) દૈનિક પાણીની જરૂરીયાત ૫૦૦૦૦ લીટર સુધી | - માન.સભ્યસચિવશ્રી (પા.પુ.બોર્ડ) |
| (બ) દૈનિક પાણીની જરૂરીયાત ૫૦૦૦૦ લીટરથી ૧૦.૦લાખ લીટર | - માન.અગ્રસચિવશ્રી/અધ્યક્ષશ્રી (પા.પુ.વિભાગ) |
| (ક) દૈનિક પાણીની જરૂરીયાત ૧૦.૦ લાખ લીટર કરતા વધુ | - ટેપીંગ કમિટિ (પા.પુ.બોર્ડ) |

(૩) માંગણી કરેલ જથ્થાના વ્યાજબીપણા ( Justification ) ની ગણત્રી અંગે ધોરણો નક્કી કરવામાં આવેલ છે. સામાજિક,ધાર્મિક,શૈક્ષણિક અને પાંજરાપોળ ઇત્યાદિના જોડાણ આપવા માટે પાણીના જથ્થાની ગણત્રી નીચે મુજબ કરવાનુ નક્કી કરવામાં આવ્યું.

**સામાજિક અને શૈક્ષણિક સંસ્થા :**

(અ) શાળા/કોલેજના બાળકો તથા સ્ટાફની સંખ્યા તેમજ કચેરીના કર્મચારીની સંખ્યા માટે-પ્રતિ વ્યક્તિ દૈનિક ૧૦ લીટર

સંસ્થા- શૈક્ષણિક (છાત્રાલય સિવાય),સરકારી-અર્ધ સરકારી કચેરીઓ વગેરે.

(બ) છાત્રાલય/હોસ્ટેલ/ વિશ્રામગૃહ ભોજનશાળા સહિત, હોસ્પીટલ(પથારી સાથે) - પ્રતિ વ્યક્તિ દૈનિક ૩૦ લીટર

સંસ્થા- શૈક્ષણિક (છાત્રાલય સિવાય),સરકારી-અર્ધ સરકારી વિશ્રામગૃહ તેમજ હોસ્પીટલ, રહેણાંક સોસાયટી વગેરે

**ધાર્મિક સંસ્થા :**

(અ) ધર્મસ્થાનમાં આવતા ભાવિકો માટે -પ્રતિ વ્યક્તિ દૈનિક ૫ લીટર

(બ) ધર્મસ્થાનમાં ભોજનશાળા ચાલતી હોય તો - પ્રતિ વ્યક્તિ દૈનિક ૨૦ લીટર

(ક) ધર્મસ્થાન વિશ્રામગૃહ ભોજનશાળા સહિત હોય તો - પ્રતિ વ્યક્તિ દૈનિક ૩૦ લીટર

પાંજરાપોળ : પશુપાલન કેન્દ્ર માટે – પ્રતિ પશુ દૈનિક ૧૫ લીટર

Scanned by CamScanner

ઔદ્યોગિક સંસ્થા : કચેરીના સ્ટાફ માટે - પ્રતિ વ્યક્તિ દૈનિક ૧૦ લીટર

સંસ્થામાં સ્ટાફ માટે વસાહત હોય તો - પ્રતિ વ્યક્તિ દૈનિક ૩૦ લીટર

(૪) સંસ્થાને ટેપીંગની મંજુરી મળ્યાબાદ પાંચ(૫) વર્ષ પુરા થયેથી આપોઆપ રદ થશે. જો સંસ્થા જોડાણ ચાલુ રાખવા ઇચ્છતી હોય તો નવેસરથી પ્રોસેસ ફી સહિત અરજી કરીને ખાનગી જોડાણ તાજુ (Renew) કરાવવાનુ રહેશે. અગાઉની મંજુર થયેલ દરખાસ્ત અન્વયે લાભાર્થીને જરૂરી આગોતરા નોટીસ આપી જોડાણ રીન્યુ કરવા અંગે ખાતા દ્વારા જાણ કરવાની રહેશે અને જોડાણ રીન્યુ કરવા દરખાસ્ત મંજુરી અર્થે વડી કચેરીને સાદર કરવાની રહેશે.

(૫) ટેપીંગની દરખાસ્ત મંજુર થયા બાદ એક(૧) માસમાં ખાતા સાથે સંસ્થાએ નિયમોનુસાર કરાર કરવાનો રહેશે.

(૬) એક માસ બાદ સંસ્થા દ્વારા મંજૂર થયેલ પાણીનો જથ્થો ઉપાડવામાં નહી આવે તો મંજૂર થયેલ જથ્થાના ૫૦% જથ્થા માટે ન્યુનતમ બીલીંગ ચાલુ કરવામાં આવશે અને ભરપાઇ કરેલ એડવાન્સ રકમમાંથી વસૂલાત કરવાની રહેશે. ખાતા સાથે કરાર કર્યા બાદ સંસ્થા મંજૂર થયેલ જથ્થો ઉપાડશે નહીં તો જમા કરાવેલ ડીપોઝીટની રકમ પરત મેળવવા માટે હકદાર રહેશે નહીં અને ખાતા દ્વારા ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૭) સંસ્થા મંજૂર થયેલ જથ્થા ઉપરાંત ૩૦% કરતા વધુ જથ્થો ઉપાડશે તો વધારાના(૧૩૦% કરતા વધારે) જથ્થા માટે દંડ (Penalty) તરીકે મંજૂર થયેલ દરના બમણાં (Double) દરથી વસૂલાત કરવાની રહેશે.

(૮) ઉક્ત મુદ્દા ક્રમાંક ૪, ૫, ૬ અને ૭ ની વિગતો કરારખતના ભાગ તરીકે ગણવાની રહેશે.

(ડી.જી.ચૌધરી)
મુખ્ય ઇજનેર
મોની. એન્ડ પ્લાનિંગ

(જયપાલસિંહ)
સભ્ય સચિવ

(એચ. કે. દાશ)
અધ્યક્ષ

ક્રમાંકઃ ટેક. સેલ/ ટેપીંગ કમિટી/ /૨૦૧૦
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
તા. /૧૧/૨૦૧૦

(બી.બી.પટેલ)
અધિક્ષક ઇજનેર (ટેક એન્ડ પ્લા)

નકલ રવાના પ્રતિઃ

(૧) માન. અધ્યક્ષશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
(૨) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
(૩) મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧, ૨, ૩, વડોદરા, અમદાવાદ, રાજકોટ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ

Scanned by CamScanner